જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૧/૨૦૨૨ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૫૬/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૪/૦૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૭	૦	૧૨૭	૩૯૯	૦	૩૯૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૦૨૨૯	૨૪૦	૮૦૪૬૯	૮૧૨૭૮	૨૩૪	૮૧૫૧૨
કુલ		૯૬૮૨૭	૨૪૦	૯૭૦૬૭	૧૦૫૮૦૭	૨૩૪	૧૦૬૦૪૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૭	૪,૮૫,૦૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૧૯૦	૧૧,૯૦,૦૦૦/-

લુંટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન:

પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન “લુંટના ગુનાના” ત્રણ આરોપીઓને પકડી પાડતી નરોડા સર્વેલંન્સ સ્કવોડ.

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ નાઓએ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા તેમજ ગુના બનતા અટકાવવા સારૂ પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોઇ જે અનુસંધાને મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન નાઓએ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી પી.બી.ખાંભલા નાઓના માર્ગદર્શન હેઠળ સર્વે સ્કોડના પો.સબ.ઇન્સ.એ.એમ.પટેલ તથા માણસો પેટ્રોલીંગ હતા દરમ્યાન સાથેના પો.કો.પ્રકાશભાઈ ભીખાભાઈ તથા એલ.આર રાજપાલસિંહ કોદરસિંહ નાઓની ખાનગી બાતમી હકિકત આધારે નરોડા પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં ૧૧૧૯૧૦૩૫૨૨૦૧૧૨/૨૦૨૨ ઇ.પી.કો કલમ ૩૯૭ તથા જી.પી.એક્ટ ક્લમ ૧૩૫(૧) મુજબના ગુનાના કામે ફરીશ્રી ના અલગ અલગ પાર્સલ જે મુદામાલની કિ.રૂ ૧૧,૬૬૦/- લઇને ભાગી ગયેલ જે બાબતનો ગુનો નોધાયેલ જે ગુનાના કામના ત્રણ આરોપીઓને નરોડા પાટીયા ખાતેથી પકડી તેઓનુ નામ ઠામ પુછતાં તેણે પોતાનુનામ (૧)વિલાસ ઉર્ફ જીમી સ/ઓ વિશાલભાઈ જાતે રાઠોડ (છારા)ઉ.વ ૨૬ ધંધો નોકરી રહે મહાજનીયાવાસ રામાપીરની મંદિરની પાછળ કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર (૨) શમશેરઅલી ઉર્ફ શંભુ રુસ્તમઅલી શેખ રહે મહાજનીયાવાસ કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર (૩) કુલદીપ ઉર્ફ બોબી રાજેશભાઈ પરમાર રહે મહાજનીયાવાસ કુબેરનગર સરદારનગર અમદાવાદ નાનો હોવાનુ ઉપરોક્ત ગુનાના કામે પુછપરછ કરતાં તેઓએ સદર ગુનાની કબુલાત કરતાં લુંટ કરી લઇ ગયેલ કિરૂ,૧૧,૬૬૦/- ના અલગ અલગ કંપનીના કપડાના પાર્સલ (મુદ્દામાલ) સાથે ઉપરોક્ત ગુનાના કામે અટક કરી કાયદેશરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે. તા.૨૨/૦૧/૨૦૨૨.

આરોપીઓનુ નામ

(૧) વિલાસ ઉર્ફ જીમી સ/ઓ વિશાલભાઈ જાતે રાઠોડ (છારા)ઉ.વ ૨૬ ધંધો નોકરી રહે મહાજનીયાવાસ રામાપીરની મંદિરની પાછળ કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર

(૨) શમશેરઅલી ઉર્ફ શંભુ રુસ્તમઅલી શેખ રહે મહાજનીયાવાસ કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર

(૩) કુલદીપ ઉર્ફ બોબી રાજેશભાઈ પરમાર રહે મહાજનીયાવાસ કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર

મુદ્દામાલ


અલગ અલગ કપડાના પાર્સલ જે મુદામાલની કિ.રૂ ૧૧.૬૬૦/-

કામગીરી કરનાર અધિ/કર્મચારી

સર્વે.સ્કવોડ પો.સબ.ઇન્સ.એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કો. રણજીતસિંહ પ્રતાપસિંહ બ.નં.૪૯૯૦ તથા પો.કો.દિલીપકુમાર ભરતભાઇ બ.નં.૫૯૬૪ તથા પો.કો.પંકેશકુમાર ધનાભાઇ બ.નં.૪૦૫૬ પો.કો.પીયુષ નટવરલાલ બ.નં.૧૦૧૭૬ તથા પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પો.કો.પ્રદીપકુમાર રામાભાઇ બ.નં.૧૦૩૬૧ તથા પો.કો.પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા પો.કો..પ્રવિણભાઇ વાઘાભાઇ બ.નં.૬૮૬૩ તથા જનકભાઇ પુંજાભાઇ બ.નં.૪૬૦૬ તથા પો.કો.ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૪૯૨૭ તથા એલ.આર.વિક્રમ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨ તથા એલ.આર.રાજપાલસિંહ કોદરસિંહ બ.નં.૧૦૧૪૫









નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૫૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૩૮ લીટર દેશી દારૂ અને ૦૩ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૫૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

સોનાની ચેઈન નજર ચુકવી લઈ ગયાઃ **સમાચાર યાદી નં.૧૫૯/૨૦૨૨**

માધવપુરાઃ નિખીલભાઇ બાબુભાઇ ઠાકોર (ઉ.વ.૧૯)(રહે.ઠાકોરવાસ, માધવપુરા ચોકઠા પાસે, મોજડી બજાર રોડ, માધવપુરા) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૧/૨૦૨૨ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે માધવપુરા ચોકઠા પાસે ઠાકોરવાસના નાકે લગ્નના વિદાય સમારોહમાં ભીડભાડનો લાભ લઇ કોઇ અજાણી વ્યક્તિ નિખીલભાઇની નજર ચુકવી તેમના ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૨,૨૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

દાઝી જતાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૬૦/૨૦૨૨**

શહેરકોટડાઃ બાપુનગર ડી-માર્ટની પાસે, અનિલ રોડ, સોનિયા સિરામિકના છાપરામાં પોતાની માતા સાથે ત્રણ વર્ષનો દિકરો જયવીરસિહ સુરેશસિહ મકવાણા તા.૨૪/૦૧/૨૦૨૨ સવારના ૭/૫૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરમાં સુતો હતો ત્યારે કોઇ કારણસર ઘરમાં આગ લાગતા શરીરે દાઝી જતા જયવીરસિંહનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અશોકકુમાર રમેશભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૬૧/૨૦૨૨**

સોલા હાઇકોર્ટઃ ગીતાબહેન વા/ઓ કાળાભાઇ રાઠોડ(ઉ.વ.૩૧)(રહે.મદાર બંગ્લોઝ અજંતા ઇલોરા એપાર્ટમેંટ ની સામે થલતેજ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૧/૨૦૨૨ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે ઝેરી દવા પી લેતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ટી.આર.અકબરી ચલાવે છે.

રાણીપઃ નિલ કનુભાઇ પાટીલ (ઉ.વ.૧૬)(રહે.શરદ કોલોની કોર્ગો મોટર્સની પાછળ ગાંધીઆશ્રમ સુભાષબ્રિજ રાણીપ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૧/૨૦૨૨ સવારના ૧૧/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.સી.ચૌહાણ ચલાવે છે.

વટવા જી.આઇ.ડી.સી.: રશ્મીબહેન વા/ઓ સુમિતકુમાર સિંગ (ઉ.વ.૨૬)(રહે.હરસિત પાર્ક સોસાયટી વિભાગ-૦૧, જશોદાનગર) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૧/૨૦૨૨ બપોરના ૧૨/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે રૂમમાં બારીની બાજુમાં ખીલ્લા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જી.આઇ.ડી.સી. પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.બી.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.